# જિલ્લામાં ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામયાત્રાનો અડાલજથી આરંભ

## આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આત્મનિર્ભર ગુજરાત હોવું જરૂરી છે : ડૉ. કુબેરભાઈ ડીંડોર






ગાંધીનગર, તા. ૧૮

આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આત્મનિર્ભર ગુજરાત હોવું જરૂરી છે. રાજ્ય સરકારની પ્રજાકલ્યાણની યોજનાઓ છેવાડાના માનવી અને ગામડાઓ સુધી આત્મનિર્ભર ગ્રામ યાત્રાના માધ્યમથી પહોંચાડવાનો આ પ્રયાસ છે, તેવું આજરોજ અડાલજ ખાતેથી ગાંધીનગર જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો આરંભ કરાવતા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું.

આ કાર્યક્રમના આરંભે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી દેવાંગી દેસાઈએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામ યાત્રાના ત્રિદિવસીય કાર્યક્રમ થકી રૂપિયા ૪૦૦ લાખથી વધુની રકમના ૨૭૫ વિકાસ કામોનું ખાતમુહૂર્ત થશે. રૂપિયા ૨૮૮ લાખથી વધુના રકમના ૧૮૫ કામોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ૬,૦૮૭ લાભાર્થીઓને વિવિધ વિભાગની યોજનાકીય લાભો આપીને રૂપિયા ૩૮૩ લાખથી વધુ રકમની સાધન-સહાય અર્પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધ વિભાગની સહાય યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મહાનુભાવોના હસ્તે આ યાત્રા દરમિયાન ગાંધીનગરની જિલ્લા પંચાયતની સીટ અનુસાર ફરનાર બે યાત્રા રથોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યા હતા. તેમજ અડાલજ ગામ ખાતે ગ્રામજનો, શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, આશા બહેનો, સખી મંડળ, યુવક મંડળ, નિગરાની સમિતિ, પાણી સમિતિ દ્વારા સ્વચ્છતા અંગે જન જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. નાટકના માધ્યમથી સરકારની વિવિધ યોજના અંગે અને જન જાગૃતિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર (દ) ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્યો, વિવિધ સમિતિના ચેરમેનો, ગામના સરપંચો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટનગરનું ડેપો મુસાફરો માટે કે ગઠીયાઓ માટે?

ગાંધીનગર, તા.૧૮

સલામત સવારી... એસટી અમારી.. પરંતુ એસટી બસમાં બેસવા માટે જતા જ મુસાફરોના ખિસ્સા હળવા થઈ જાય છે. પાટનગરના ડેપોમાં પણ કેટલાક સમયથી ખીસ્સાકાતરુ ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરના ડેપોમાંથી વિસનગરની બસમાં ચઢતા સમયે ભીડનો લાભ લઈ ચોર શખ્સે રૂ.૮૭,૫૦૦ની કિંમતના સોનાના દાગીના ભરેલુ પાકીટ લઈ આંખના પલકારમાં ગાયબ થઈ ગયો હતો. બનાવ અંગે મહિલાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પાટનગરના એસટી ડેપો ખાતે સમયાંતરે ખીસ્સાકાતરુઓ કરામત કરી જાય છે. બસમાં બેસવા માટે મુસાફરો ધક્કામુક્કી કરતા હોય છે તે સમયગાળામાં ચોર શખ્સો કરામત કરી જાય છે. શહેરના ડેપોમાં મુસાફરોની સુરક્ષા અને સલામતી માટે પોલીસ ચોકી ઉભી કરવાની હતી. આ ચોકી માટે ડેપોમાં જગ્યા પણ નિયત કરાઈ હતી. પરંતુ કોઈ જાણે એસટી ડેપો ખાતે પોલીસ ચોકી બનાવવાની વાત વિસરાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. જેને પગલે ડેપોમાં ગઠીયાઓને છુટો દોર મળી ગયો છે. તાજેતરમાં એક મહિલાનું પર્સ ચોરી થયાની ફરીયાદ સેકટર-૭ પોલીસ ચોપડે નોંધાઈ છે. જેમાં માણસા તાલુકાના સોજા ગામે અંબિકાનગર રહેતા મીનાબેન અજીતસિંહ વાઘેલા અને તેમના દિકરા જયદિપસિંહ સાથે ગત તા.૧૬ ના રોજ વડોદરા થી બસમાં ગાંધીનગર આવ્યા હતા.સોજા જવાનું હોવાથી પ્લેટફોર્મ નં.૩ ખાતે બસની રાહ જોઈને ઉભા હતા. ત્યારે બપોરના સમયે ગાંધીનગર થી વિસનગરની બસ આવી હતી. તેઓ મુસાફોરની ભીડમાં બસમાં બેસી ગયા હતા. પરંતુ બસની ટીકીટ લેવા માટે તેમણે એક છીંકણી કલરનું સાઈડનું પર્સ ચેક કર્યું હતું. જેમાં તેમણે એક કોફી કલરનું પર્સ મુકી રાખ્યું હતું. જે પર્સ નહી દેખાતા શોધખોળ આદરી હતી, પરંતુ પર્સ મળી આવ્યુ ન હતું. ઘરે મહેમાન હોવાથી મીનાબેન ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ મીનાબેને સેકટર-૭ પોલીસ મથકે રૂ.૬૫,૫૦૦ નો સોનાનો દોરો, અને રૂ.૨૫ હજાર કાનસર રાખેલ પર્સ કોઈ શખ્સ ચોરી કરી ગયો હોવાની ફરીયાદ નોંધાવી હતી.

# ધો. ૯ થી ધો. ૧૨ના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક ખેતી વિષય સામેલ કરાશે : જીતુ વાઘાણી

## ગાંધીનગર ખાતે આઈઆઈટીઈનો ચોથો દીક્ષાંત સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરના ચોથા દિક્ષાંત સમારોહમાં પદવીધારક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ઉજ્જવળ ભાવિ જીવનની કામના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે શિક્ષકની સમાજ પ્રત્યે એક મોટી જવાબદારી છે કારણ શિક્ષક માનવ નિર્માણનું કેન્દ્ર છે.

આ પ્રસંગે મહત્વની જાહેરાત કરતાં શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે ધો. ૯ થી ધો.૧૨ના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક ખેતી વિષય સામેલ કરવામાં આવશે. વિદ્યાર્થી પોતાના અભ્યાસક્રમમાં અલગથી પ્રોફેશનલ અભ્યાસક્રમ પસંદ કરતાં હોય છે ત્યારે સ્વરોજગાર મેળવી શકાય તેવા સાત અભ્યાસક્રમો સામેલ કરવાનું આયોજન રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યપાલશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કર્યું છે. જે પૈકી કૃષિ અંતર્ગત પ્રાકૃતિક ખેતી એટલે કે ગાય આધારિત ખેતી વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે. રાજ્યના ખેડૂતોનો ખર્ચ ઘટાડી આવક બમણી કરવાની દિશામાં આ અભ્યાસક્રમ ખૂબ ઉપયોગી સાબિત થશે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ





સાહેબ, કોરોનામાં હું મરી તો નથી ગયો, પરંતુ હવે આર્થિક રીતે મરવા જરૂર પડ્યો છું... અમારા માટે કોઈ સહાય છે...?

# આજે પૂજ્ય પ્રાગદાસબાપાની ૧૦૩મી જન્મ જયંતિની ભાવપૂર્વક ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગોદડીયા પરંપરાના પૂ.



પ્રાગદાસબાપાની ૧૦૩મી જન્મજયંતિ ભારે ભાવપૂર્વક ઉજવાશે. પ્રાગદાસબાપા દ્વારા સમાજકલ્યાણના કરાયેલા અસંખ્ય કામો જેમાં અન્નક્ષેત્રથી લઈ આધ્યાત્મ ક્ષેત્ર સુધી સેવાની વણઝાર વરસાવામાં આપી છે તેવા પૂ. પ્રાગદાસબાપાની જન્મજયંતિ નિમિત્તે પ્રાગદાસબાપા ગોદડીયા રામવાડી અન્નક્ષેત્ર, જૂનાગઢ તથા જૂનામાંકા(હારીજ) ખાતે વેસ્ટર્ન ગ્રુપ પરિવાર દ્વારા વિવિધ કામોનું આયોજન કરાયુ છે. ગોદડીયા પરિવારના ડૉ. એન.પી. પટેલે ભાવવંદન સાથે સેવાકાર્યોનો સંકલ્પ જાહેર કર્યો છે.


### જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મોડાસા
WASMO
**જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૨૧-૨૨માં સુધારો**

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ અરવલ્લી દ્વારા સંદેશ સમાચારની આવૃત્તિના પાના નં. ૦૮, ગાંધીનગ સમાચારની આવૃત્તિના પાના નં.૦૩ અને ઈન્ડિયન એક્સપ્રેસની આવૃત્તિના પાના નં. ૦૬માં તા. ૧૨/૧૧/૨૦૨૧ના રોજ ઓનલાઈન ટેન્ડરથી ૮ કામોના ભાવો મંગાવવામાં આવેલ હતા જેમાં શરતચૂકથી ઓનલાઈન ટેન્ડર ભરવા અને જરૂરી ફીઝીકલ સબમીશનના ડોક્યુમેન્ટ લખવામાં ભુલ થયેલ છે. જેની જગ્યાએ નીચે મુજબ તારીખો વંચાણે લેવાનો રહેશે.

| ક્રમ | ટેન્ડર આઈ.ડી. | પ્રયત્ન | ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | જરૂરી ફીઝીકલ સબમીશનના ડોક્યુમેન્ટ તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૪૯૦૯૮૧ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૨ | ૪૯૦૯૮૨ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૩ | ૪૯૦૯૮૩ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૪ | ૪૯૦૯૮૫ | પ્રથમ | ૧/૧૨/૨૧ | ૨/૧૨/૨૧ |
| ૫ | ૪૯૦૯૮૬ | બીજો | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |

ટેન્ડરની વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર / સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના હેલ્પલાઈન નં. ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

નામાનિ/હિંમત/૪૩૨/૨૦૨૧



### નાણા વિભાગની ગાડીના નિકાલ સારૂ ભાવપત્રક મેળવવા બાબત

નાણા વિભાગ હસ્તકના વાહન નં. GJ-18-G-2696ના જાહેર હરાજીથી નિકાલ માટે બંધ કવરમાં તારીખ ૨૬/૧૧/૨૦૨૧ સુધી ભાવપત્રક મંગાવવામાં આવે છે. વાહનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વાહન નંબર | મોડલ | વર્ષ | તળીયાની કિંમત | બાનાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | GJ-18-G-2696 | Maruti Suzuki SX4 VXI Petraol+CNG | ૨૦૦૯ | રૂ. ૬૦,૦૦૦/- | રૂ. ૬,૦૦૦/- |

- આ અંગેના ભાવપત્રકો તા. ૨૬/૧૧/૨૦૨૧ સુધીમાં સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. આ કવર ઉપર 'વાહન હરાજીના ભાવપત્રક' લખવાનું રહેશે. બાનાની રકમ પેટે ભરવાની રકમ ભાવપત્રક ખોલવામાં આવે તે દિવસે રૂબરૂમાં નાણા વિભાગની રોકડ શાખામાં ભરવાની રહેશે.
- સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૯/૧૧/૨૦૨૧ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. હરાજી સંબંધિત અન્ય બોલીઓ અને શરતો નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.inમાં દર્શાવ્યા મુજબની રહેશે.
- વધુ માહિતી માટે નાણા વિભાગની મહેકમ શાખા (ટ શાખા)નો સંપર્ક કરવાનો રહેશે.

સહી/- (આઈ. પી. પટેલ)
ઉપ સચિવ, નાણા વિભાગ,
બ્લોક નં. ૪/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર

માહિતી/૧૫૩૫/૨૧-૨૨




શિયાળો શરૂ થાય એટલે બજારોમાં શિંગોડાનું આગમન થાય છે. બજારોમાં ઠેર ઠેર લીલા-કાળા શિંગોડા મળે છે. તેને ભારતીય સુપરફૂડ પણ કહેવામાં આવે છે. તેમાં ભરપૂર માત્રામાં ન્યુટ્રિશન રહેલા છે. તે એન્ટિ ઓક્સિડન્ટ અને વિટામીન ઈ થી ભરપૂર હોય છે. એનો સ્વાદ ભલે બધાને ભાવતો ન હોય પરંતુ સ્વાસ્થ્ય માટે તે ઉત્તમ હોવાથી સિઝનલ ફ્રૂટ તરીકે તેને ચોક્કસ ખાવા જ જોઈએ. હાલમાં બજારોમા શિંગોડા આવી ગયા હોઈ તેનો સ્વાદ માણવાનુ ચૂકવા જેવુ નથી.

# કલોલની દવા બનાવતી કંપની સાથે ૩૭.૫૦ લાખની છેતરપિંડી

## કંપનીના નામે નવો નંબર મેળવી તેના પર ઓટીપી નંબર મેળવી લાખોની છેતરપિંડી, કંપનીના ડાયરેકટરે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ સ્થિત દવા ઉત્પાદન કરતી રોમ્બાસ ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે રૂ. ૩૭.૫૦ લાખની છેતરપિંડી થઈ છે. કંપનીના બેંક ખાતા સાથે લીંક કરેલા મોબાઈલ નંબરની જગ્યાએ બીજો નવો નંબર ઈસ્યુ કરાવી તેના પર ઓટીપી મેળવીને ઠગબાજોએ વિવિધ ત્રણ એકાઉન્ટમાં રૂ.૩૭.૫૦ લાખ ટ્રાન્સફર કરી લઈને છેતરપિંડી આચરી હોવાની ફરીયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ કલોલના રકનપુર પ્રમુખ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે દવા બનાવતી રોમ્બાસ ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેકટર જયુલ ધીરજલાલ વાઘાણી છે. રોમ્બાસ ફાર્માના નામે ત્રણ બેંક એકાઉન્ટ છે, જેમાં કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંકના એકાઉન્ટમાં નેટ બેંકીગ સેવા કાર્યરત છે. આ બેંક એકાઉન્ટ સાથે તેમના પિતા ધિરજલાલનો મોબાઈલ નંબર અને કંપનીનું ઈમેલ આઈડી લિંક કરાયું છે. આ બેંક એકાઉન્ટનો ઉપયોગ ધંધા માટે કરવામાં આવે છે. અને તેનો એકસેસ કંપનીના એકાઉટન્ટ કિર્તીલ પટેલ પાસે છે. બેંકના ખાતામાં કોઈપણ લેવડ દેવડનો ઓટીપી તેમના પિતાના મોબાઈલ પર આવે છે. ઘણા સમય પહેલા નેટવર્ક ઈસ્યુને પગલે કોઈ કર્મચારી દ્વારા નોંધાવેલી ફરીયાદનું અપડેટ જયુલભાઈના મોબાઈલ પર આવતુ રહેતુ હોય છે. ગત તા.૧૦ મી નવેમ્બરના રોજ મોબાઈલ કંપની તરફથી મેસેજ આવ્યો હતો. પરંતુ જયુલભાઈએ તેના પર ધ્યાન આપ્યુ ન હતું. ત્યારબાદ તેમના પિતાના મોબાઈલનું નેટવર્ક જતુ રહેતા તેઓએ બે ત્રણ વાર મોબાઈલ પણ ચાલુ બંધ કર્યો હતો. પરંતુ નેટવર્કના ધાંધિયા યથાવત રહેવા પામ્યા હતા. ત્યારે એક ઈમેલ તેમના પર આવ્યો હતો. જેમાં ઉલ્લેખ કરાયો હતો કે નવુ ઈ સીમ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યું છે અને એકાઉન્ટન્ટ કિર્તિલ પટેલે પણ કહ્યુ કે ઉકત બેંક ખાતાના નેટ બેન્કીંગ નો પાસવર્ડ રીસેટ થયાનું બતાવી રહ્યું છે. જેમાં ઓટીપી એન્ટર કરવાનું કહેવાયુ છે.જેથી પાસવર્ડ રીસેટ કરવાનો પ્રયાસ કર્યો હતોપરંતુ મોબાઈલમાં ઓટીપી આવતો ન હતો. જે અંગે તપાસ કરતા જાણ થઈ કે કાલુપુર બેંકના રજીસ્ટર મોબાઈલ ફોન પર ઓટીપી સેન્ડ થઈ રહ્યા છે. પરંતુ આ પ્રકારનો કોઈ નંબર કંપની દ્વારા લેવામાં આવ્યો નથી. તાત્કાલીક જયુલભાઈએ બેંક સ્ટેટમેન્ટ ચેક કરતા તા.૧૧ મી નવેમ્બરના રોજ આઈસીઆઈસીઆઈબેંકના વિવિધ ત્રણ એકાઉન્ટમાંથી રૂ.૩૨.૫૦ લાખ ટ્રાન્સફર થઈ ગયા હતા. જયારે તા.૧૨ ના રોજ પણ રૂ.૨૧ લાખ ટેકનિકલ કારણોસર અન્ય કોઈ ખાતામાં ટ્રાન્સફર થયા હતા. જેમાંથી રૂ.૧૬ લાખ પરત આવી ગયા હતા. રોમ્બાસ ફાર્મા કંપનીના બેંક એકાઉન્ટમાંથી આઈસીઆઈસીઆઈ બેંકના ત્રણ ખાતા ધારકોમાં અભિજીત મોડલ, કિરણ પટેલ અને સયંતા મોડલના એકાઉન્ટમાં રૂ.૩૭.૫૦ લાખ ટ્રાન્સફર કરીને માસ્ટર માઈન્ડ ઠગબાજોએ છેતરપિંડી કરતા સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ કર્મયોગીઓ માટે નિરામય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.
- આજે થયેલા માવઠાથી શહેર અને જિલ્લામાં જનજીવન ખોરવાઈ જવા પામ્યુ હતુ તેમજ વાતાવરણ ઠંડુગાર બની જવા પામ્યુ છે.
- આજે જુના સચિવાલય ખાતે કર્મચારીઓની લડત સમિતિએ આપેલા એલાન મુજબ સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાયો હતો.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની આજે બપોરે ૧.૩૦ કલાકે કારોબારી સમિતિની બેઠક સે. ૨૨ ખાતેના કાર્યાલયમાં મળશે.
- વાયબ્રન્ટ સમિટને લઈ આજે સાંજે ૫.૩૦ કલાકે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી જેને એસ.જે. હૈદરે સંબોધી હતી.
- સચિવાલયમાં આ માસના અંત સુધીમાં અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપાશે તેવી ખુબજ ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.
- આજે સ્વર્ણિમ સંકુલમાં આરોગ્યમંત્રી અને શિક્ષણમંત્રીએ બેઠકો યોજી હતી.
- આજે ઈન્ટરનેશનલ મેન્સ ડે ઉજવાશે. ૭ ફેબ્રુઆરી ૧૯૯૨ થી આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતમાં ૨૦૦૭ થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.



દેવદિવાળીમાં રંગોળીનું પણ અનેરું મહત્વ હોય છે ત્યારે નગરજનો દ્વારા પોતાના ઘર આંગણે અવનવી રંગોળી બનાવીને દેવદિવાળી પર્વની ઉજવણી કરાઈ છે ત્યારે યુવાધન પણ આ પરંપરાથી બાકાત ના રહેવા માંગતા હોય તેમ પોતાનું કૌશલ્ય રંગોળી પ્રત્યે બતાવી રહ્યું છે.